બિન સરકારી માધ્યમિક શાળાઓ . .
કર્મચારીઓના પગાર ધોરણ સુધારવા
બાબત. . .

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૨-૬૧૪૯૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૭-૧૧-૧૯૮૪

સંદર્ભ :-

શિક્ષણ વિભાગનો તા. ૨૩-૭-૮૧ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૦-૩૯૩૮-ગ, તેમજ તા. ૧૦-૧૨-૮૧ નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૦-૪૧૭૯૬-ગ.

પરિપત્ર :-

શિક્ષણ વિભાગના ઉપરોકત તા. ૨૩-૭-૮૧ ના ઠરાવ અન્વયે બિન-સરકારી માધ્યમિક શાળાઓ શિક્ષકોને સદરહુ ઠરાવમાં જણાવેલ શરતોને રૂ.૫૦૦-૯૦૦ નો ગ્રેડ તા. ૧-૭-૭૯ ના રોજથી મંજુર કરવામાં આવ્યો છે. સદરહુ ઠરાવમાં જે શિક્ષકો આ ગ્રેડ મેળવવા હકકદાર થાય તેનો પગાર કેવી રીતે નકકી કરવો તે પણ દર્શાવવામાં આવ્યું છે. આવા શિક્ષકોને વિભાગના તા. ૧૦-૧૨-૮૧ ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૮૦-૪૧૭૯૬-ચ, થી તા. ૧-૪-૮૧ ના રોજથી એક વધારાનો ઇજાફો એડહોક ધોરણે આપવાનું પણ નકકી કરવામાં આવ્યું છે. ઉપરોકત હુકમોથી શિક્ષકોના ઇજાફાની તારીખ બાબતમાં કેટલીક ગેરસમજુતી ઉભી થવાથી અને પરિણામે શિક્ષકોને જે લાભ આપવામાં આવ્યો છે તે ધ્યેય હાંસલ થતું નથી તેવી રજુઆત સરકારશ્રીમાં થઇ છે. આથી આ બાબત કાળજી પૂર્વકની વિચારણા કરીને એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, વિભાગના તા. ૧૦-૧૨-૮૧ ના ઠરાવ પ્રમાણે એક વધારાનો એડહોક ધોરણે ઇજાફો આપવાની તા. ૨૩-૭-૮૧ ના ઠરાવના ફકરા-૬ માં જણાવ્યા પ્રમાણે ઇજાફાની તારીખમાં કોઇ ફેરફાર થતો નથી અને તે યથાવત્ રહે છે. સદરહુ ફકરા-૬.૩ (બ). પણ જે પગાર નકકી કરવાનો છે તે મુંબઇ મુલ્કી સેવા નિયમો પ્રમાણે નકકી કરવાનો રહે છે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧-૧૦-૮૪ ના રોજ મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ઉપરોકત સ્પષ્ટતા સંબંધકર્તા સર્વેના ધ્યાન ઉપર લાવવા અને આવા કિસ્સાઓનો તદ્દનુસાર નિકાલ કરવા આથી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

બી.વી.નિનામા,
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
બધા જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
શ્રી રામાભાઇ પટેલ, પ્રમુખશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળ, કિસાન વિદ્યાલય, મુ. મરબીડી જિ. મહેસાણા.
નાણાં વિભાગ 'ચ' 'મ' શાખા.
ગ-૧ શાખા અને 'છ' શાખા, શિક્ષણ વિભાગ.
સીલેકટ ફાઇલ.